# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય

☎ :૦૭૯: ૨૩૨૫૪૩૭૭ નિયામક
૨૩૨૫૪૩૭૪ સંયુક્ત નિયામક
૨૩૨૫૪૫૦૬ રહસ્ય સચિવ
૨૩૨૫૯૭૬૦ ફેક્સ
૫૨૦૪૬ GSWAN
e-mail Address : jtdiradm-dat@gujarat.gov.in

"વીમા અને લેખા ભવન"
બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન સંકુલ,
સેકટર-૧૦/બી, એમ.એલ.એ.કવાર્ટર સામે,
ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : ૯-૨-૨૦૦૭

નંબર : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/અધિકારપત્ર/૧૧૭૨-૧૨૦૪

વિષય:- પગાર અને હિસાબી અધિકારીઓની કચેરી તથા જિલ્લા તિજોરી કચેરીઓમાંથી નાણાં વિભાગ ના અધિકારપત્ર સિવાય ચૂકવણાં કરવાની પ્રથામાં છુટછાટ આપવા બાબત.

:: પ રિ પ ત્ર - ૩ ::-

રાજયની સાધનોપાય સ્થિતિનું યોગ્ય વ્યવસ્થાપન તેમજ તેની તરલતા જળવાઈ રહે તે હેતુ માટે મંજૂર થયેલ ગ્રાન્ટના નાણાંના ઉપાડ ઉપર જરૂરી અંકુશ રાખવાના હેતુથી નાણાં વિભાગ પાસેથી અધિકારપત્ર/ઓથોરીટી લેટર મેળવવાની પ્રથા હાલ અમલમાં છે. અને તે મુજબ રાજય સરકારની પ્રવર્તમાન સુચનાઓ અનુસાર રૂા.૧/- લાખ સુધીના આયોજન/આયોજન બહારની ગ્રાન્ટના બીલોના ચૂકવણાં માટે નાણાં વિભાગના અધિકારપત્રની આવશ્યકતા રહેતી નથી. આ સંદર્ભમાં નાણાં વિભાગના તા.૯-૩-૦૪ ના પરિપત્રમાં દર્શાવેલ ૨૩ હેતુઓ (સામેલ પત્રક મુજબ) માટે રજુ કરાતા બીલો માટે અધિકારપત્ર માંથી મુકિત આપવામાં આવેલ છે. વિશેષમાં નાણાં વિભાગના તા.૨૭-૯-૦૬ ના પરિપત્રથી

- આશ્રમ શાળા તથા છાત્રાલયના ભોજન બીલો.
- આકસ્મિક નિધીમાંથી મંજુર કરેલ મતપાત્ર પેશગીઓના બીલો.
- ૧૨ માં નાણાં પંચના સબંધિત ગ્રાન્ટ ઈન એઈડના બીલો.
- કુદરતી આપતિ અંગેના રાહતના બીલો.

-ની ચૂકવણીને પણ નાણાં વિભાગના અધિકારપત્ર સિવાય ચૂકવણું કરવા સુચના આપેલ છે.

ઉક્ત સંદર્ભમાં નાણાં વિભાગની આજ્ઞાનુસાર સબંધિત પગાર અને હિસાબી અધિકારી તથા જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવે છે કે,

- પંચાયત, આર.એન્ડ બી., ઈરીગેશન તથા ફોરેસ્ટ વિભાગની કોઈપણ કચેરી દ્વારા ૧૨ માં નાણાં પંચ અંગેના ચૂકવણાં માટે બીલ/ચેક અધિકૃતિ માટે રજૂ કરવામાં આવે તો ખાસ કિસ્સા તરીકે "૧૨ માં નાણાં પંચનું ચૂકવણું છે" તે બાબતે સંબંધકર્તાનું લખાણ મેળવ્યા બાદ સબંધિત બીલ કે ચેક અંગે રૂા.૧/- કરોડ સુધીની મર્યાદામાં ચૂકવણું નાણાં વિભાગના અધિકારપત્ર મેળવ્યા સિવાય કરવા સુચના આપવામાં આવે છે.

ઉક્ત સુચનાઓનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(સહી)
નિયામક.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ,
(૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
(૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, (તમામ).

નકલ સવિનય રવાના પ્રતિ:-
(૧) પી.એસ. ટુ સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.
(૨) પી.એસ. ટુ સંયુકત સચિવશ્રી(બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.
(૩) મુખ્ય ઈજનેર અને સંયુકત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) મુખ્ય ઈજનેર અને સંયુકત સચિવશ્રી, સિંચાઈ, પાણી પુરવઠા અને નર્મદા વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા સબંધકર્તાને ઘટીત સુચના અપાઈ જવા વિનંતી સહ.
(૫) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર

(૧૩)

૧. પગાર/ ભથ્થા અને નિવૃત્તિના લાભો જેવા કે નિવૃત્તિ સમયે એલટીસી/ લીવએન્કશમેન્ટ વિગેરે.
૨. વિધવાસહાય / વૃધ્ધ નિરાધાર માટેની સહાયની યોજનાઓ.
૩. અછતના બીલો
૪. હોસ્પિટલના ડાયટ ચાર્જીસના બીલો.
૫. સ્કોલરશીપ/ સ્ટાઈપેન્ડના બીલો.
૬. માછીમારોના ડિઝલ વેચાણવેરા રાહતના બીલો.
૭. ટેલીફોન બીલ/ લાઈટ બીલ.
૮. પેટ્રોલ / ડિઝલ બીલ.
૯. કચેરી ખર્ચમાં પોસ્ટલ સ્ટેમ્પના બીલો.
૧૦. મધ્યાહન ભોજન યોજના અંતર્ગત થતા ખર્ચના બીલો.
૧૧. એમએલએ / એમપીના ગ્રાન્ટના ડિપોઝીટરી કામોના બીલો.
૧૨. ચૂંટણી ખર્ચના બીલો.
૧૩. જી.પી.એફ. પેશગી / ઉપાડના બીલો.
૧૪. ટીએ/ એલટીસી પેશગીના બીલો.
૧૫. મકાન બાંધકામ પેશગી/ સ્કુટર/ વાહન પેશગીના બીલો.
૧૬. તબીબી સારવાર માટેની પેશગીઓ / તબીબી સારવારના ખર્ચના બીલો.
૧૭. એનસીસી કેમ્પ/ હોમગાર્ડ કેમ્પ તથા શિક્ષકો માટેના તાલીમ વર્ગો તેમજ યુવકસેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા યોજાવમાં આવતા શિબિરો / તાલીમ વર્ગો /કેમ્પના એડવાન્સ બીલો.
૧૮. પોલીસ ખાતાના સ્ટાફના રજા પગારના બીલો.
૧૯. ચેકડેમોના લોકફાળાના ડિપોઝીટ સદરના બીલો.
૨૦. પછાત વર્ગ કલ્યાણ ખાતા દ્વારા અત્યાચારના કિસ્સામાં મૃત્યુ સહાય.
૨૧. રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવતી જુથવીમાના પ્રીમીયમ/ વીમાના કલેઈમની રકમ.
૨૨. જમીન સંપાદન વળતર તેમજ અન્ય ડીક્રીટલ ચુકવણીના બીલો.
૨૩. આઈ.સી.ડી.એસ.ના બીલો.